DIET
Dist. Insti. of Edu. & Training
Surendranagar



શ્રી ઝવેરચંદ મેઘાણી
## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર





# Educational Software And App Module



**ચાલો... શીખીએ અને શીખવીએ**

## Guidance

# Dr. C. T. Tundia

**Principal, DIET – Surendranagar**

## ICT Co-Ordinator

# Dipak Gosai

**DIET – Surendranagar**

## Creative Team

# Mehulkumar Dave

**Principal, Haripar Primary School**

# Sangna Acharya

**Principal, Rajsitapur Pay Centre School**

# Balvant Kaliya

**Teacher, Tikar (Parmar) Pay Centre School**

# Nilesh Gajjar

**Principal, Naliya Primary School**

# Hareshkumar Dholakiya

**Principal, Ghaghretiya Primary School**

# Dr. Ruchaben Joshi

**Teacher, Joravarnagar – 8 Primary School**

# Jalpaben Raval

**Teacher, Sankali Primary School**

# Mansiben Jani

**Teacher, Korda Primary School**

# Diptiben Raval

**Teacher, Enjar Primary School**

# Kantilal Bhayani

**CRC Co. - Jashapar**

# Rakeshbhai Parmar

**CRC Co. - Bhalgamda**

# Meghdoot Raval

**Sp. Teacher, IDSS**

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પાના નંબર |
|---|---|---|
| ૧. | DIKSHA Application ની સમજ | 01 |
| ૨. | G-SHALA Application ની સમજ | 04 |
| ૩. | SHALA MITRA Application ની સમજ | 07 |
| ૪. | Read Along Application ની સમજ | 10 |
| ૫. | Google Meet Application ની સમજ | 12 |
| ૬. | Google Form Application ની સમજ | 14 |
| ૭. | PhET Simulation Application ની સમજ | 17 |
| ૮. | Hajri Patrak Application ની સમજ | 19 |
| ૯. | Prashast Application ની સમજ | 21 |
| ૧૦. | Google Lens Application ની સમજ | 24 |
| ૧૧. | QR Code Generator | 27 |
| ૧૨. | Adobe Scan | 30 |
| ૧૩. | GCERT Digital Desk | 32 |
| ૧૪. | Resource Bank (GROWER) | 34 |

# DIKSHA

'દીક્ષા' એ એક મોબાઇલ એપ્લિકેશન બેઝ શૈક્ષણિક પ્લેટફોર્મ છે જેના દ્વારા શિક્ષક, વિદ્યાર્થી તથા માતા પિતા ઘેર બેસીને પણ સૂચવેલા શાળા અભ્યાસક્રમ સાથે સંબંધિત જરૂરી શૈક્ષણિક સામગ્રી પ્રાપ્ત કરી શકે છે. MHRD દ્વારા 2017માં થયેલો આ એક સુંદર પ્રયાસ છે.

DIKSHA નું ફુલ ફોર્મ **'Digital Infrastructure for Knowledge Sharing'** છે.

આ એપમાં વિવિધ ભાષામાં શિક્ષણ સાહિત્ય ઉપલબ્ધ છે. શિક્ષણ સામગ્રી વિવિધ ફોર્મેટ જેવા કે AUDIO, VIDEO, PDF, QUIZ વગેરેમાં ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ ખૂબ જ સરળતાથી વિના મૂલ્યે કરી શકાય છે. ધોરણ 1 થી 12 સુધીના તમામ ધોરણના અભ્યાસક્રમો તથા ઉચ્ચ અભ્યાસ અંગેની શૈક્ષણિક સામગ્રી પણ તેમાં પ્રાપ્ત થાય છે.

### * DIKSHA App Download કેવી રીતે કરી શકાય?

Google Play Store માં જઈ DIKSHA લખી સર્ચ કરીને DOWNLOAD કરી શકાય છે. આ સિવાય લેપટોપ કે ડેસ્કટોપ પર DIKSHA Portal નો સીધો ઉપયોગ કરી શકાય છે.

### *Diksha app માં Account કેવી રીતે બનાવવું?












DIKSHA App open કરી ભાષા પસંદ કરી Continue પર ક્લિક કરવું. અને Teacher, Student, Other માંથી કોઈપણ એકને પસંદ કરો.

ત્યારબાદ DIKSHA QR કોડ સ્કેન કરીને ડિજિટલ કન્ટેન્ટનો તાત્કાલિક એક્સેસ મેળવી શકાય છે. બોર્ડ, સ્ટેટ, મિડિયમ, ક્લાસ, જિલ્લો પસંદ કરી Continue પર ક્લિક કરો.




DIKSHA App માં કોર્સ જોઈન કરવા માટે પોતાનું એકાઉન્ટ બનાવીને Log In કરવાનું હોય છે. તે માટે સૌથી છેલ્લે આપવામાં આવેલ પ્રોફાઈલ વાળા ઓપ્શન પર ક્લિક કરવાનું હોય છે.

Guest ની જગ્યાએ પોતાનું નામ લખી ત્યારબાદ બોર્ડ, મીડિયમ, વિષય પસંદ કરી સબમિટ આપી સેવ કરી લેવું. ત્યારબાદ પોતાનો મોબાઈલ નંબર તથા પાસવર્ડ નાખીને Sign In પર ક્લિક કરવાનું છે.

આ ઉપરાંત Google એકાઉન્ટ દ્વારા સાઇન ઇન કરીને પણ લોગીન કરી શકાય છે.

## ઉપયોગિતા

DIKSHA App ભારતમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ભારતીય શૈક્ષણિક સાધન સામગ્રી બનાવવા માટે પ્રોત્સાહન આપે છે. Textbook તેમજ પાઠ્યપુસ્તકોમાંથી QR કોડ સ્કેન કરી વિષય સાથે સંકળાયેલ વધારાની શિક્ષણ સામગ્રી શોધી શકાય તેવી સગવડ પૂરી પાડવામાં આવે છે.

શાળાના વર્ગખંડમાં જે વિષયો શીખવવામાં આવે છે તે સંબંધિત પાઠ અને હોમવર્ક અંગે વિસ્તૃત સામગ્રી આ એપમાંથી શોધી શકાય છે. શૈક્ષણિક કાર્યને રસપ્રદ બનાવવા માટે ઇન્ટરેક્ટિવ અને આકર્ષક શૈક્ષણિક સામગ્રી શોધી શકાય છે.

વિદ્યાર્થીઓને મુશ્કેલ પ્રશ્નોનું નિરાકરણ અન્ય નિષ્ણાંત શિક્ષકો પાસેથી મળી રહે છે. વળી સમસ્યા હલ કરવાની પ્રેક્ટિસ પણ કરી શકાય છે અને જવાબ સાચો છે કે નહીં તે અંગે તાત્કાલિક ઉકેલ પણ મેળવી શકાય છે.

શિક્ષક પોતાના વ્યવસાયમાં નિપુણ થવા તેમજ પોતાનો શૈક્ષણિક વિકાસ કરવા માટે તાલીમ લઈ શકે છે અને તેના પ્રમાણપત્રો પણ મેળવી શકે છે. શિક્ષણ વિભાગ તરફથી સમયાંતરે વિવિધ સૂચનાઓ અને માર્ગદર્શન મેળવવા માટે ઉપયોગી બની રહે છે. શિક્ષક તેમણે શીખવેલા વિષયની તેમના વિદ્યાર્થીઓની સમજ ચકાસવા માટે ડિજિટલ કસોટીઓ પણ લઈ શકે છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓના માતા-પિતા પણ વર્ગખંડોમાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે માહિતગાર થઈ શકે છે અને શાળાના સમય સિવાય પણ વિદ્યાર્થીઓને શિક્ષણને લગતા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકે છે. આમ માત્ર વિદ્યાર્થીઓ અને શિક્ષકો પૂરતું આ પ્લેટફોર્મ સીમિત ન રહેતા વાલીઓને પણ લાભદાયી નીવડે છે.

## DIKSHA PORTAL

DIKSHA પોર્ટલ પરથી પણ શૈક્ષણિક માહિતી પ્રાપ્ત કરી શકાય છે.

વેબસાઈટ : https://diksha.gov.in/ લિંક પરથી આપ રાષ્ટ્રીય DIKSHA પોર્ટલ પર જઈ શકો છો અને DIKSHA સંબંધિતમાં તમામ માહિતી મેળવી શકો છો.

ઉપરાંત GCERTની વેબસાઈટ https://gcert.gujarat.gov.in/gcert/ ના હોમપેજ પર આપવામાં આવેલ GCERT DIKSHA ક્લિક કરીને આપ DIKSHA ગુજરાતના પેજ પર જઈ શકો છો.



# G- Shala

G- Shala નું પુરૂ નામ Gujarat Students' Holistic Adaptive Learning App. છે. G-Shala App ની શરૂઆત 10મી જૂન 2021 થી થઈ.

G-Shala વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે શિક્ષણ વિભાગની ઓફિસિયલ એપ્લિકેશન છે. તે શિક્ષકો અને વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી છે. આ એપનો ઉપયોગ ખૂબ જ સરળ છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ એપ્લિકેશનનો ઉપયોગ વિનામૂલ્યે કરી શકે છે. તેમાં આપેલું કન્ટેન્ટ અને ગ્રાફિક્સ ખૂબ જ સરસ છે. વિદ્યાર્થીઓ તેમાં આપેલા વિડિયો અને ક્વિઝ દ્વારા આગામી વર્ષ માટે પૂર્વ તૈયારી કરી શકે છે. G-Shalaમાં દરેક ધોરણ મુજબના વિડિયો, પુસ્તકો, એસાઈમેન્ટ જેવી શૈક્ષણિક બાબતો આપેલી છે.

## G-Shala એપ્લિકેશનનો ઉપયોગ:

સૌપ્રથમ મોબાઇલમાં Play Store માં જઈ G-Shala એપ ટાઈપ કરી એપ્લિકેશન ઇન્સ્ટોલ કરો. એપ્લિકેશન ડેવલોપરમાં લખ્યું હશે સમગ્ર શિક્ષા. ત્યારબાદ એપ્લિકેશન ઇન્સ્ટોલ થઈ જાય એટલે ઓપન કરો. ત્યારબાદ permission માં Allow આપો. ત્યારબાદ પેજમાં જઈ Sign up કરશો એટલે આ પેજ ઉપર બે લેંગ્વેજ ઓપ્શન મળશે English અને ગુજરાતી. કોઈપણ એક લેંગ્વેજ સિલેક્ટ કરી એકાઉન્ટ બનાવો. એકાઉન્ટ બનાવવા માટે પ્રથમ બે ઓપ્શનમાંથી એક ઓપ્શન સિલેક્ટ કરો." હું શિક્ષક છું" ઓપ્શન સિલેક્ટ કર્યા બાદ ENTER TEACHER'S ID માં જવાનું જેમાં શિક્ષકે પોતાનો આઠ અંકનો ટીચર કોડ લખવો. ટીચર કોડ લખાઈ ગયા બાદ "વિગતો મેળવો" પર ક્લિક કરશો ત્યારે તેમાં પૂરું નામ મોબાઈલ નંબર લખવાનો રહેશે. ત્યારબાદ એન્ટર પાસવર્ડ અને કન્ફર્મ પાસવર્ડ સેટ કરવાના રહેશે. પાસવર્ડ ડિફોલ્ટ નિયમ મુજબ સેટ કરવાનો રહેશે ,પાસવર્ડ લખી સિક્યુરિટી માં જે captcha દેખાય છે તે નીચે લખી Sign up કરો. Sign up કરતા OTP આવશે. Code આવતા જ Verify પર ક્લિક કરવાથી "અભિનંદન" "Registration Successfully " લખેલ આવશે.




હવે Log In પર જતા એન્ટર આઇડી અને પાસવર્ડનું ઓપ્શન આવશે. જેમાં એન્ટર આઈડીમાં ટીચર્સ કોડ અથવા મોબાઈલ નંબર લખો અને પાસવર્ડ જે સેટ કર્યો હોય તે લખ્યા બાદ સિક્યુરિટી કોડમાં Captcha લખી તમારી ભૂમિકા સિલેક્ટ કરી Log In કરવાથી એપ્લિકેશન ઓપન થઈ જશે.








સૌપ્રથમ સ્ક્રીન પર ઉપર મુજબ ડેશબોર્ડ જોવા મળશે. મુખ્ય મેનુ પર જવા માટે ડાબી બાજુ ત્રણ લીટી નું આઈકૉન હશે જે ટચ કરવાથી પાઠ યોજનાઓ, વિષય સંસાધનો, વાતચીત જેવા ઓપ્શન જોવા મળશે. વિષય સંસાધનો પર ટચ કરતા 1 થી 8 ધોરણ આવશે. જે પૈકી એક ધોરણ પસંદ કરતા તેના અલગ અલગ વિષયો જોવા મળે છે. તેમાંથી કોઈ પણ એક વિષય પસંદ કરી તેમાં ટચ કરતા તેની અંદરના પ્રકરણના નામ આવશે. જે પૈકી એક પ્રકરણ પસંદ કરો. તેમાં રહેલા વિડિયો દ્વારા તમે શિક્ષણ કાર્ય કરી શકો છો. આ ઉપરાંત "મારા વર્ગ" નામના ઓપ્શન દ્વારા તમે તમારા વર્ગના રજીસ્ટર વિદ્યાર્થીઓ પૈકી કેટલા વિધાર્થીએ G-Shala App નો ઉપયોગ કેટલો અને કઈ રીતે કર્યો તે જાણી શકાય છે. આ ઉપરાંત મૌખિક વાંચન પ્રવાહ, પાઠની યોજના, મારા બુકમાર્ક, ગૃહકાર્ય ,E-Books તેમજ પરિપત્રો અને સૂચનાઓ જેવા ઓપ્શન પણ જોવા મળે છે.


હવે વિદ્યાર્થીઓ આ એપ્લિકેશનનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે તે સમજીએ.

સૌપ્રથમ મોબાઇલમાં Play store માં G-Shala એપ ટાઈપ કરી તે એપ્લિકેશન INSTALL કરો. એપ્લિકેશન INSTALL થઈ જાય એટલે ઓપન કરો. હવે Permission માં જઈ Allow આપો. " હું વિદ્યાર્થી છું" એ વિકલ્પ પસંદ કરવો. ત્યારબાદ વિદ્યાર્થીનો 18 અંકનો યુનિટ આઈડી લખીને Get details બટન પર ક્લિક કરવામાં આવે એટલે વિદ્યાર્થીનું નામ, અટક અને ધોરણ આવી જશે. ત્યારબાદ વિદ્યાર્થી અથવા વાલીનો મોબાઇલ નંબર ટાઈપ કરી પાસવર્ડ લખીને આપેલ પ્રશ્નોનો જવાબ લખી Sign Up બટન પર ક્લિક કરવું. મોબાઈલ પર OTP આવશે એટલે વેરીફાઇ પર ક્લિક કરવાથી "અભિનંદન "અને Registration Successfully આવશે. ત્યારબાદ Log In ફરી પાસવર્ડ એન્ટર કરવો અને ભૂમિકા સિલેકટ કરી પ્રવેશ કરો પર ક્લિક કરવાથી G-Shala એપ ઓપન થઈ જશે.



G-Shala ઓપન થયા બાદ હોમપેજ પર વિષયો દેખાશે. તેમજ વિદ્યાર્થીનો ક્રમ અને તેની માહિતી હશે. ત્યારબાદ ડાબી બાજુ ઉપર ત્રણ લીટી નું આઇકોન હશે. જેમાં ‘હોમ પેજ’, ‘તમામ આકારણીઓ’, ‘બુકમાર્ક’ , ‘ઉપચારાત્મક શિક્ષણ’ ,’શબ્દાવલી’, ‘મૌખિક વાંચન પ્રવાહ’, ‘પરિપત્રો અને સૂચનાઓ’, ‘માસિક રીપોર્ટ કાર્ડ’ જેવા ઓપ્શન જોવા મળે છે. હોમ પેજ પર  આપેલ તમામ વિષયો પૈકી એક વિષય પસંદ કરી તેમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે છે.




આમ G-Shala એપનો ઉપયોગ શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખૂબજ સરળ રીતે કરી શકે છે અને તેની માહિતી શિક્ષણકાર્ય માટે ખૂબ જ ઉપયોગી છે.

# શાળામિત્ર

શાળામિત્ર એ એક એવી એપ્લિકેશન છે જેની મદદથી ધોરણ 1 થી 12ના તમામ વિષયના પાઠ્યપુસ્તક મોબાઇલમાં વાંચી શકાય તથા તેને Download પણ કરી શકાય છે  તેમજ આ એપ્લિકેશનમાં પ્રત્યેક એકમને લગતા વિડિયો, સ્વાધ્યાય અને MCQ આપેલા છે.

સૌપ્રથમ Play store માં જઈને શાળા મિત્ર એપ્લિકેશન Install કરો. Install કર્યા બાદ નીચે પ્રમાણેના મુદ્દા સ્ક્રીન પર દેખાશે.

- મારા ધોરણ
- ઉપલબ્ધ બધા ધોરણ
- શૈક્ષણિક પરીક્ષા/ કેલેન્ડર
- સમાચાર અને પરિપત્ર.
- શું તમે શિક્ષક છો?
- બાળ વિભાગ
- કોમ્પિટિટિવ કોર્નર
- ટુલ બોક્સ
- ક્રેડિટ








**મારા ધોરણમાં** પોતાનું ચાલુ વર્ષનું ધોરણ click કરીને ડાયરેક્ટ તે ધોરણ વિશેની માહિતી મેળવી શકો છો.

**ઉપલબ્ધ બધા ધોરણ** પર Click કરતાપ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક એમ દરેક વિભાગના ધોરણો ખુલશે.








કોઈ પણ એક ધોરણ નક્કી કરી **પ્રવેશ** પર click કરતાં તે ધોરણને લગતા પાઠ્યપુસ્તકો, Mix તેમજ Chapter wise જેમકે 10, 25 ,40 ,50 ,100 એમ કોઈ પણ Select કરી શકાય તેવા MCQ, Blueprints, નિબંધ (ગુજરાતી હિન્દી તેમજ અંગ્રેજી ભાષાના), જુના પ્રશ્નપત્રો સત્ર 1 અને સત્ર 2 જે select કર્યું હોય તેને અનુરૂપ મળે છે.



**પાઠ્યપુસ્તક** પર Click કરતા બધા જ વિષયના જુના તેમજ નવા પુસ્તકો બતાવશે તેમાં જે વિષયના પુસ્તક જોવા હોય તેમાં **જુઓ** પર Click કરતા પ્રત્યેક પ્રકરણમાં પુસ્તક, વિડિયો, અને સ્વાધ્યાય એવા Options જોવા મળશે. જો પુસ્તક વાંચવું હોય તો પુસ્તક વાંચી શકાય અથવા વધુ મહાવરા માટે તેના વિડિયો પણ જોઈ શકાય છે. આ ઉપરાંત મૂલ્યાંકન માટે સ્વાધ્યાય જેવા Optionsમાં પ્રશ્નો Share કરી શકાય છે અથવા તેની ભૂલ પણ સુધારી શકાય છે.




બાળવિભાગમાં ઘણા બધા Options છે જેવા કે કક્કો, Number ,પ્રાણીઓ, ગુજરાતી અંક, પક્ષીઓ, હિન્દી અંક , ઘડિયા, આકાર, વાહન, શાકભાજી, ફુલો, ફળો, રંગો, બાલસૃષ્ટિ, સૂર્યમાળા આ ઓપ્શન પર ક્લિક કરતાં તેને લગતી માહિતી મળશે જે રસપ્રદ અને મનોરંજક છે.




**સમાચાર અને પરિપત્રમાં** કેટલાક શિક્ષણને લગતા સમાચાર સ્ક્રીન પર બતાવેલા જ હશે જે જોવા માટે શિક્ષણને લગતા સમાચાર જોવા માટે **જુઓ** પર ક્લિક કરો તથા બીજે મોકલવા માટે શેર options પર ક્લિક કરો.

એક option **Credits** આવશે. જો કોઈ શિક્ષક પાસે પોતાનું બનાવેલું મટીરીયલ કે પ્રશ્નપત્ર હોય તો તેઓ આ એપ્લિકેશનમાં Insert કરીને બીજાને મદદ કરી શકે છે અને તેમનું નામ **Credits** વિભાગમાં લખવામાં આવે છે.




**શૈક્ષણિક પરીક્ષા/ કેલેન્ડરમાં** તમામ ધોરણના પરીક્ષા માટેના સમય પત્રક, જે તે વર્ષના શૈક્ષણિક કેલેન્ડર, માસવાર આયોજન, એકમ કસોટીના સમય પત્રક તથા પેપર આપેલા છે.



**કમ્પેટીટીવ કોર્નરમાં** કોઈપણ તારીખ પસંદ કરીને તે તારીખને અનુરૂપ દિન/વ્યક્તિ વિશેષ વિશે જાણી શકાય છે.




**ટુલબોક્સમાં** રસાયણ વિજ્ઞાનના આવર્ત કોષ્ટક આપેલો છે જેમાં પરમાણુ ક્રમાંકને અનુરૂપ તત્વો ગોઠવેલા છે અને Printable Optionsમાં રંગપૂરણી, નકશા, અક્ષર ઘૂંટવાની પ્રેક્ટિસ અને સમય બાબતે વિગતે સમજાવતા options આપેલા છે. જેના પર ક્લિક કરતા જે તે ટૉપિક વિગતે સમજી શકાય છે.



# Read Along App

## Read Along App શું છે?

Read Along App એ એક ઓનલાઇન રીડિંગ એપ છે. જે બાળકોને રમત દ્વારા શિક્ષિત કરવા અને વાંચન શીખવવાનું કામ કરે છે. આ એપ બાળકોના વાંચન કૌશલ્યને સુધારવા માટે બનાવવામાં આવી છે. આ એપમાં વિદ્યાર્થી જાતે કન્ટેન્ટ વાંચીને શીખી શકે છે. આ એપ તમને દરેક શબ્દના ઉચ્ચારણ તેમજ તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિગતે શીખવે છે.

Read Along App Download કેવી રીતે કરી શકાય?

- સૌથી પહેલા તમારા ફોનમાં Google Play Store ઓપન કરો.


- પછી ઉપરના સર્ચ બાર પર ક્લિક કરો અને Read Along ટાઈપ કરો.

- આ સર્ચ કરતાની સાથે જ તમારા ફોન પર Read Along નામની એપ દેખાશે.

- તમે Install બટન પર ક્લિક કરતાની સાથે જ તમારું ડાઉનલોડ શરૂ થઈ જશે. અને થોડી જ વારમાં Read Along App Install થઈ જશે.

## Read Along App નો ઉપયોગ કેવી રીતે કરવો?

**Read Along App** નો ઉપયોગ કરવો ખૂબ જ સરળ છે આ એપ્લિકેશન શરૂ કરો કે તરત જ તમારી મદદ માટે એક એનીમેટેડ કાર્ટુન તમને માર્ગદર્શન આપે તે મુજબ આગળ વધવું. આ એપમાં માત્ર MIC permission જેવી કેટલીક પરવાનગીની જરૂર પડશે જેથી તમે જ્યારે બોલો ત્યારે આ એપ સમજી શકે કે તમે સાચું બોલી રહ્યા છો કે ખોટું.




App ના વિભાગો

- લાઇબ્રેરી
- ઇનામો
- પ્રવૃત્તિ

આ એપ શિક્ષક અને વિદ્યાર્થી બંને માટે ખૂબ ઉપયોગી છે. શિક્ષક બાળકને રમતા રમતા મનોરંજન સાથે આ એપ વડે ગુજરાતી હિન્દી અને અંગ્રેજી ખૂબ જ સરળતાથી વાંચતા શીખવી શકે છે આ ઉપરાંત આ એપના માધ્યમથી નવ જેટલી ભાષામાં વાંચન શીખી શકાય છે.


## Read Along App ના ફાયદા

- Read Along App દરેક માટે વિનામૂલ્યે ઉપલબ્ધ છે.
- આ એપમાં બાળક બાળક શબ્દનો સાચો ઉચ્ચાર શીખી શકે છે.
- Read Along App દ્વારા કોઈ પણ સ્થાનિક ભાષામાંથી અંગ્રેજી બોલતા શીખી શકાય છે.
- આ App એપમાં કોઈપણ પ્રકારની જાહેરાતો ખલેલ પહોંચાડતી નથી.
- આ App માં કોઈપણ પ્રકારની અંગત માહિતી લેવામાં આવતી નથી.
- આ App માં Log in/Sing up ની ઝંઝટ નથી.
- બાળકે કરેલા સાચા વાંચન બદલ ઈનામો મળે છે જેથી બાળકો પ્રોત્સાહિત થાય છે.
- આ App માં બાળકો ગ્રુપ બનાવી પણ વાંચન કરી શકે છે.






# Google Meet





Google Meet એ એક વિડિયો કમ્યુનિકેશન સર્વિસ છે જેના દ્વારા લોકો એકબીજા સાથે ઓડિઓ અને વિડિયો કોલિંગ કરી શકે છે. ખાસ કરીને ઓનલાઇન શિક્ષણ આપવું હોય તો તેમના માટે Google Meet એક ઉપયોગી ઓનલાઇન પ્લેટફોર્મ છે.

Google Meet એપ્લિકેશન Google Play Store પર ઉપલબ્ધ છે.

સૌ પ્રથમ Google Play Store પરથી એપ્લિકેશન ડાઉનલોડ કરો.

એપ્લિકેશન ઓપન કરતાં સૌ પ્રથમ આ પ્રમાણે સ્ક્રીન જોવા મળશે.


જો તમે મોબાઈલ માં G-mail થી લૉગિન કર્યું હશે તો અહી તમારું નામ અને ID ડિસ્પ્લે થશે. તેને Continue આપો.





ત્યાર બાદ આ પ્રમાણે સ્ક્રીન જોવા મળશે.

New પર ક્લિક કરો.


હવે Create a new meeting પર ક્લિક કરો.




હવે મિટિંગની એક લિન્ક જનરેટ થશે. આ લિન્કને વિદ્યાર્થીઓના WhatsApp ગ્રુપમાં શેર કરો.






જ્યારે વિદ્યાર્થી આ લિન્ક પર ક્લિક કરશે ત્યારે તમારા મોબાઈલમાં તેને મિટિંગમાં એડ કરવા માટેની રિક્વેસ્ટ આવશે. **Admit** પર ક્લિક કરો. આ રીતે દરેક વિદ્યાર્થીને મિટિંગમાં જોડો.




આ રીતે મિટિંગમાં જોડાયેલ તમામ વિદ્યાર્થી સાથે તમે Google Meet એપ્લિકેશનની મદદથી વાતચીત કરી શકો છો.

અહી સ્ક્રીન પર જોવા મળતા જુદા જુદા ટૂલ્સ નો ઉપયોગ નીચે પ્રમાણે કરી શકાય છે.

| | |
|---|---|
|  | માઇક On કે Off કરવા |
|  | કેમેરા  On કે Off કરવા |
|  | Share Screen – મોબાઈલ સ્ક્રીન શેર કરવા માટે |
|  | Raise Hand – મિટિંગ દરમ્યાન કોઈ પ્રશ્ન હોય તો પરવાનગી લેવા માટે |
|  | મિટિંગ બંધ કરવા માટે |

Google Meet જુદી જુદી જગ્યાઓએ રહેલ વપરાશકર્તાઓને વાતચીત (Audio-video) કરવાની સરળતા કરી આપે છે. તે ભૌગોલિક અવરોધોને દૂર કરે છે અને વર્ચ્યુઅલ મિટિંગમાં સામ-સામે આદાન-પ્રદાન માટે વધુ તકો પૂરી પાડે છે.


Google Meetના ડેસ્કટોપ વર્ઝનનો ઉપયોગ નીચેની લિન્ક પર ક્લિક કરી મેળવી શકાય છે.

https://meet.google.com/

# Google Form


જ્યારે એકસાથે વિશાળ સમુદાય પાસેથી એકસરખા પ્રકારની માહિતી મેળવવાની હોય ત્યારે જુદા જુદા પ્રકારના સર્વે કરવામાં આવે છે. ઓનલાઈન સર્વે કરવા માટે જુદા જુદા ટુલ નો ઉપયોગ થાય છે. Google Form તેના માટે ઉપયોગી અને સૌથી વધારે પ્રચલિત ટૂલ છે. વિદ્યાર્થીના શૈક્ષણિક મૂલ્યાંકન માટે Google Form એ ઉપયોગી ટૂલ છે. અહી આપણે Google Form ની મદદથી કઈ રીતે ક્વિઝ બનાવવી અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેના વિશે શીખીશું.

## Google Form કઈ રીતે બનાવવું?




સૌ પ્રથમ Google બ્રાઉઝર ઓપન કરો. તમારા G-mail થી સાઇન ઇન કરો.


Google Form લખીને સર્ચ કરો. અથવા જમણી બાજુ દેખાતા 9 બિંદુ પર ક્લિક કરી તેમાંથી Google Form પર ક્લિક કરો.




હવે નીચે મુજબ સ્ક્રીન દેખાશે.

Blank form પર ક્લિક કરો.

સ્ક્રીન પર એક Google Form ઓપન થશે.





હવે સૌ પ્રથમ ફોર્મને એક ટાઇટલ આપો.

Ex. આહારના ઘટકો ક્વિઝ

Description માં વધુ માહિતી લખી શકો છે.

અહીં આપણે ક્વિઝ બનાવવાની હોવાથી સૌ પ્રથમ Untitled Question ના બદલે 'વિદ્યાર્થીનું નામ' એવું લખો.

પ્રશ્નના પ્રકાર તરીકે Short Answer પસંદ કરો.





Required બટનને અનેબલ કરો.

અહીં તમે વિધાર્થીના ધોરણ ઉમેરવા માંગતા હોય તો + નિશાની પર ક્લિક કરી નવો પ્રશ્ન Drop down ઉમેરો. તેમાં ધોરણ 6 થી 8 ઉમેરો. Required પર ક્લિક કરો.

હવે એક નવો વિભાગ ઉમેરવા માટે ═ ઓપ્શન પર ક્લિક કરો. વિભાગને નવું નામ આપો.


હવે આપણે Quiz બનાવવાની હોવાથી Setting માં જઈ Make this a quiz ની પરમિશન આપો. જેમાં સામે મુજબ સ્ક્રીન જોવા મળશે.




તેમાં Missed Questions, Correct Answers અને Point Values ની પરમિશન આપો.

ફરી Questions માં જઈ Add questions પર ક્લિક કરો.

હવે એક પછી એક પ્રશ્ન બનાવો. અહીં તમે Multiple Choice , short answer, Paragraph, Checkbox, Drop down, Liner scale વગેરે જેવા વિવિધ પ્રકારના પ્રશ્નો બનાવી શકાય છે.





## પ્રશ્નો કઈ રીતે ઉમેરશો?

સૌ પ્રથમ એક Multiple Choice પ્રશ્ન બનાવો.


તેના ચાર જવાબ વિકલ્પ તરીકે લખો. (Add options પર ક્લિક કરી નવા વિકલ્પ ખુલશે.)

Answer key પર ક્લિક કરી સાચા જવાબ ને ક્લિક કરો.

Done પર ક્લિક કરો. Required બટનને અનેબલ કરો.




આ રીતે જુદા જુદા પ્રકારના પ્રશ્નો બનાવી તમારી ક્વિઝ પૂર્ણ કરો. અહી તમે પ્રશ્ન માટે ચિત્ર પણ ઉમેરી શકો છો. જેના માટે પ્રશ્નની બાજુમાં જે ઇમેજનો સિમ્બોલ છે તેના પર ક્લિક કરો.




ચિત્ર ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરો અથવા તમારા કમ્પ્યુટર ના સ્ટોરેજ માંથી પસંદ કરો.

ક્વિઝમાં  જરૂર જણાય ત્યાં પોઈન્ટ(માર્કસ) માં ફેરફાર કરી શકાય છે.


ક્વિઝ બની ગયા બાદ તેનું પ્રિવ્યૂ જોવા માટે આપેલ  પ્રિવ્યૂના સિમ્બોલ પર ક્લિક કરો.




એક વાર ક્વિઝના તમામ પ્રશ્નોના જવાબ આપી સાચા જવાબની ખાતરી કરો.

## ક્વિઝ શેર કેવી રીતે કરશો?

ક્વિઝ શેર કરવા માટે Send પર ક્લિક કરતા આ પ્રમાણે સ્ક્રીન જોવા મળશે. Link પર ક્લિક કરો.  Short URL પર ક્લિક કરો. Copy પર ક્લિક કરો. કોપી કરેલ URL ને વિદ્યાર્થીના WhatsApp ગ્રુપમાં શેર કરો. ત્યાં તમે તેનું ટાઇટલ અને ક્વિઝ વિશે લખાણ ઉમેરી શકો છો.





## વિદ્યાર્થીઓ ક્વિઝ કેવી રીતે આપશે?

વિદ્યાર્થી લિન્ક પર ક્લિક કરશે એટલે ક્વિઝ ઓપન થશે. જ્યાં તેણે એક પછી એક પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. ક્વિઝ પૂર્ણ થયા બાદ View Score પર ક્લિક કરી વિદ્યાર્થી પોતાને મળેલ માર્કસ પણ જોઈ શકશે.

## Responses કેવી રીતે જોશો?

Responses પર ક્લિક કરતાં વિદ્યાર્થીઓએ આપેલ Responses જોઈ શકાય છે. મેળવેલ ડેટાની  Excel Sheet બનાવી શકાય છે.




મેળવેલ ડેટાના આધારે વિદ્યાર્થીની કચાશ વિશે જાણી જરૂરી ઉપચાર કાર્ય કરી શકાય છે. ક્વિઝ આપ્યા બાદ વિદ્યાર્થી તરતજ પોતાનું પરિણામ જાણી શકે છે.

આ સાથે Google Form માં Certify’em એડઓનનો ઉપયોગ કરી ક્વિઝ આપનારને સર્ટિફિકેટ મળે તેવું સેટ અપ કરી શકાય છે.

# PhET SIMULATION


PhET Simulation સોફ્ટવેર 2002 માં નોબલ વિજેતા લોરીયેટ કાર્લ વિમેન દ્વારા શોધાયેલ છે. કોલોરાડો બોલ્ડર યુનિવર્સિટી ખાતે મફત Simulation બનાવવામાં આવે છે જે વ્યાપક શિક્ષણ સંશોધન પર આધારિત છે અને વિદ્યાર્થીઓને સાહજિક રમત જેવા વાતાવરણ દ્વારા જોડે છે જ્યાં વિદ્યાર્થીઓને અન્વેષણ અને શોધ દ્વારા શીખવા મળે છે.

PhET Simulation વિદ્યાર્થીઓને ગણિત વિજ્ઞાનના સમજવામાં મુશ્કેલ હોય તેવા કન્સેપ્ટને વધુ સુદઢ બનાવવા માટે ઉપયોગી છે. અગાઉ પાઠ્યપુસ્તક વડે મેળવેલા જ્ઞાનનું દઢીકરણ તેના દ્વારા થાય છે અને વિદ્યાર્થીઓ મેળવેલા જ્ઞાનને કુશળતાપૂર્વક વ્યવહારિક અભિગમ વડે અહીં પ્રયોજે છે.

Phet Simulation નો ઉપયોગ એકદમ સરળ છે, ઇન્ટરનેટ કનેક્શનવાળા કોમ્પ્યુટર અને લેપટોપ વડે સરળતાથી તેનો ઉપયોગ કરી શકાય છે.


આ PhET Simulation નો ઉપયોગ કરવા માટે સૌ પ્રથમ ગૂગલમાં PhET Simulation સર્ચ કરીને ઓપન કરવું.

તેના હોમ પેજ પર સિમ્યુલેશનમાં ભૌતિક વિજ્ઞાન(Physics), રાસાયણિક વિજ્ઞાન(Chemistry), જીવવિજ્ઞાન(Biology), ગણિત જેવા અલગ અલગ વિષય સાથે ઓલ સીમ્સ એવા ઓપ્શન આપેલા છે આ ઉપરાંત ત્યાં હોમપેજ પર જોઈ શકાય કે કુલ 1.4 બિલિયન જેટલા Simulation આ સોફ્ટવેરમાં છે.





જ્યારે આ Simulationનો ઉપયોગ કરવો હોય તો પહેલા G-mail કે કોઈપણ આઈડી દ્વારા રજીસ્ટર કરવું પડશે. રજીસ્ટર દરમ્યાન પહેલા હોદ્દો પૂછવામાં આવશે અને ત્યારબાદ તમારી ઓળખ દર્શાવતી વિગતો ભરીને એકાઉન્ટ બનાવવામાં આવે છે. એક વખત એકાઉન્ટ બની ગયા પછી દરેક વખતે ફક્ત સાઇન ઇન કરીને આ સિમ્યુલેશનનો ઉપયોગ કરી શકાય છે.


રજીસ્ટ્રેશન કર્યા બાદ સૌપ્રથમ સિમ્યુલેશનમાં **All Sims**. પર ક્લિક કરવાથી ઘણા બધા સિમ્યુલેશન ખુલશે. ડાબી બાજુ ફિલ્ટર માટે વિષય, ગ્રેડ લેવલ, ભાષા વગેરે જેવા ઓપ્શન આપેલા છે.



વિષયના ફિલ્ટરનો ઉપયોગ કરીને ભૌતિક વિજ્ઞાન, રાસાયણિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન જેવા અલગ અલગ વિષયમાંથી કોઈપણ એક વિષયને સિલેક્ટ કરી શકાય જેમ કે જીવવિજ્ઞાનના સિમ્યુલેશનનો ઉપયોગ કરવો હોય તો જીવવિજ્ઞાન પર click કરતા બધા જીવ વિજ્ઞાનના જ સિમ્યુલેશન ખુલશે.





ગ્રેડ લેવલના ફિલ્ટરમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, યુનિવર્સિટી એમ જે વિભાગના સિમ્યુલેશનનો ઉપયોગ કરવો હોય તે સિલેક્ટ કરી શકાય જેથી તે જ માધ્યમના સિમ્યુલેશન જોવા મળે છે.




ભાષાના ફિલ્ટરમાં પોતાને અનુકૂળ હોય તેવી ભાષા પસંદ કરી શકાય છે.

Inclusion એટલે કે સમાવેશીના ફિલ્ટરમાં સુવિધા માટેના વૈવિધ્યપૂર્ણ ઓપ્શન છે જેમાં કોઈને સાંભળવાની કે જોવાની તકલીફ હોય તો તેઓ પણ સરળતાથી આ સોફ્ટવેરનો ઉપયોગ કરી શકે છે. વળી આ સિમ્યુલેશનની ખાસિયત છે કે તે સરળતાથી ડાઉનલોડ કરી શકાય છે.

આ રીતે બધું ફિલ્ટર કર્યા બાદ સ્ક્રીન પર ફિલ્ટર થયેલા સિમ્યુલેશન જોવા મળે છે તેમાંથી જે સિમ્યુલેશનનો ઉપયોગ કરવો હોય તે સિમ્યુલેશનનો ઉપયોગ કરવામાં આવે છે.




# હાજરી પત્રક




હાજરી પત્રક એપની મુખ્ય ઉપયોગીતા શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની હાજરી માટે તથા વર્ષ દરમિયાન તેમના મુલ્યાંકન પત્રક જેમ કે પત્રક-**A** રચનાત્મક મુલ્યાંકન, પત્રક-**B** વ્યક્તિત્વ વિકાસ, તથા પત્રક-**C** પરિણામ પત્રક વગેરે જરુરી માહિતી તેમાંથી સરળતાથી મેળવી શકાય છે. વર્ષના અંતે બાળકોને માર્કશીટ પણ તેમાંથી પ્રિન્ટ કરી આપી શકાય છે.


## ઉપયોગ કરવાની રીતઃ-




હાજરી પત્રક એપ મોબાઇલમાં ગુગલમાંથી સરળતાથી ડાઉનલોડ કરી શકાય છે. મોબાઇલમાં સૌપ્રથમ શિક્ષકે પોતાની શાળાના જે તે ધોરણ અને તેના વર્ગ એડ કરવાના થાય છે. તથા ધોરણ એડ થઇ ગયા પછી જે તે ધોરણના વિદ્યાર્થીને એડ કરવાના છે તે બાજુમા દર્શાવેલ સૂચન મુજબ એડ કરી શકો છો. બધા જ બાળકોને એક સાથે એડ કરવા માટે EXCEL માથી નામ IMPORT કરો તેમાં બાજુમાં દર્શાવેલ પેજ ખુલશે જેમાં ક્લિક કરી સૂચના મુજબ EXCEL ફાઇલ DOWNLOADકર્યા બાદ બાળકોની બધીજ માહિતી આપેલ ફોર્મેટમાં એડ કરી ત્યાર બાદ **save** કરેલ **excel** ફાઇલ અહી import કરવા માટે SELECT EXCEL FILE પર જતા જે તે ધોરણના બધા બાળકો અહીં એડ થઇ જશે.

## હાજરી:-




વિદ્યાર્થીઓ એડ થઇ ગયા પછી હાજરી પુરવાની રીત જોઇએ તો ખૂબ જ સરળતાથી હાજરી પુરી શકાય છે તથા ગેરહાજર બાળકો માટે પણ તેમના વાલીને ફોન કરી જાણ કરવા માટેની સરળ રીત અહી રજૂ કરવામાં આવેલ છે તથા માસવાર તથા વાર્ષિક હાજરીની ટકાવારી પણ અહી સરળતાથી મળી રહે છે.

## મૂલ્યાંકન માટેની ઉપયોગિતા:-

### પત્રક- A




મુલ્યાંકન માટે અહી પત્રકો આપવામા આવ્યા છે જેમા જોઇએ તો પત્રક-**A** રચનાત્મક મૂલ્યાંકનમાં બંને સત્રના વિષયવાર નિષ્પત્તિ મુજબ ટિકમાર્ક કરવાની સરળ રીત અહી રજુ કરવામાં આવેલ છે. જેના કારણે વર્ષ દરમિયાન પરિણામ બનાવવામાં ખૂબ સરળતા થઇ જાય છે તથા પત્રકની પ્રિન્ટ કરી હાર્ડકોપીમાં વર્ગખંડ કક્ષાએ ડિસ્પ્લે કરી શકાય છે.

### પત્રક- B




પત્રક- **B** પણ અહી એપમાં સરળતાથી બનાવી શકાય છે. વ્યક્તિત્વ વિકાસના ગુણ અહી એડ કરી દેવાથી જ્યારે પત્રક- બનાવવાનું થાય ત્યારે પરિણામ પત્રકમાં ત્યાં આ ગુણ આવી જતા હોવાથી પરિણામ કે માર્કશીટમાં ફરી ગુણ એડ કરવાની જરૂર પડતી નથી.

### પત્રક - C




પત્રક- C બનાવતી સમયે આપણે પરીક્ષામાં મેળવેલ ગુણ તથા રચનાત્મક ગુણને સ્વાધ્યાય કાર્યના ગુણ વિષયવાર એડ કરવાના થાય છે અહી આપણે વ્યકતિત્વ વિકાસના ગુણ એડ કરવાની જરૂર પડતી નથી તે ગુણ આપણે એપમાં જે પત્રક-**B** ભર્યું હતુ તેમાંથી આપ મેળે અહીં આવી જાય છે જેથી આપણું પત્રક - **C** સંપૂર્ણ રીતે પૂરું થઇ જાય છે અને ગ્રેડ તથા ટકાવારી સરળતાથી પ્રાપ્ત થઇ જાય છે.

### પરિણામ માર્કશીટ:-




આ એપમાં પરીણામ બનાવ્યા બાદ તેની માર્કશીટ આપણે **PDF** સ્વરુપે મેળવીને તેની પ્રિન્ટ કાઢીને બાળકોને આપી શકાય છે. આમ પરીણામને લગતી કામગીરી ખુબ જ સરળ રીતે આ એપમાં થઇ જતીહોવાથી શિક્ષકને વર્ષ દરમિયાન ખુબ ઉપયોગી બની રહે છે.

હાજરી પત્રક એપ વિશે વધુ જાણવા આપેલ QR કોડ સ્કેન કરો.





દિવ્યાંગતાની પ્રારંભિક ઓળખ થાય અને શાળા કક્ષાએથી જ તેનું શ્રેષ્ઠ સ્ક્રીનીંગ થાય તેવી વ્યવસ્થાના ભાગ રૂપે PRASHAST APPનું નિર્માણ કર્યું છે. તે માટે Department of School Education and Literacy Ministry of Education Government of India દ્વારા પ્રશસ્ત એપને નિયમિત શાળાના શિક્ષકો/વિશિષ્ટ શિક્ષકો/કાઉન્સીલર અને શાળાના આચાર્યને ઉપયોગ કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે કારણ કે તેઓ વિદ્યાર્થીઓ સાથે મહત્તમ સમય વિતાવે છે. શિક્ષકો બાળકોના વિકાસ અને વૃદ્ધિમાં અનન્ય સ્થાન ધરાવે છે. શિક્ષકો દ્વારા બાળકોનું વિવિધ પરિસ્થિતિઓમાં અવલોકન થઇ શકે અને વિદ્યાર્થીઓની પ્રાથમિક તપાસ માટે પ્રશસ્ત એપને બે વિભાગ કરવામાં આવ્યા છે જેમાં પાર્ટ -૧ નિયમિત શિક્ષકો દ્વારા પ્રથમ સ્તરની સ્ક્રિનિંગ માટે ઉપયોગ કરવામાં આવે છે. અને પાર્ટ-૨માં આર.પી.ડબ્લ્યુ.ડી. અધિનિયમ 2016 દ્વારા માન્યતા પ્રાપ્ત વિકલાંગતાની 21 કેટેગરી અનુસાર બીજા સ્તરની સ્કિનિંગ અને વિકલાંગતાઓની કામચલાવ સૂચિ તથા **બિનજરૂરી લેબલિંગ સામે રક્ષણ આપે છે.**

## પ્રશસ્ત એપનો ઉપયોગ:-


1. **પ્રશસ્ત એપ LOGIN** : સૌ પ્રથમ PlayStore માં જઈને **PRASHAST** લખો. એટલે PRASHAST NCERT આવું આઇકોન આવે તેને INSTALL કરો.
2. **Register As a New User** : એપ્લીકેશન OPEN કરો જો આપ લોગીનના થયા હોય તો G પર ક્લિક કરો અથવા પ્રથમ **REGISTER AS NEW USER** પર ક્લિક કરો. તેમાં જુદા જુદા Email એડ્રેસ દેખાડશે તેમાંથી તમારે જે Emailથી લોગીન થવું હોય તે Email સિલેક્ટ કરો. તેમાં નામ, હોદ્દો, જેન્ડર, ફોન નંબરની માહિતી આપી **Continue** ક્લિક કરીશો એટલે નવું પેજ OPEN થશે. ત્યારબાદ તમારી શાળાનો ડાયસકોર્ડ એન્ટર કરી **CHECK UDISE CODE** ક્લિક કરો. એટલે ત્રીજું પેજ OPEN થશે જેમાં તમારી શાળાની વિગત આવે તે ભરી ચેકબોક્ષમાં ખરું કરી **Continue** ઉપર ક્લિક કરશો, એટલે **Registered Successfully** નો મેસેજ બતાવશે. ત્યારબાદ **Start Now** ટીક કરશો એટલે તમને MY PROFILE બતાવશે.




3. **Teacher Login (Profile, Updates):** તમારું નામ તમારી પ્રોફાઈલ પર દેખાશે, **PROFILE** ક્લિક કર્યા બાદ MY PROFILEમાં તમારી વિગતો બતાવશે. જરૂર પડે તેમાં EDIT પણ કરી શકાશે. BACK આવી જાવ એટલે MY **SURVER** માં ક્લિક કરતા તમને જો **RECHECK STATUS** એરર એવું બતાવે તો સમજવું કે આચાર્યશ્રી દ્વારા વેરિફાઈ થયેલ નથી. વેરિફાઈ થતાં તમારા પ્રોફાઈલમાં નામ સામે ગ્રીન ટપકું થયેલું જોવા મળશે.




4. **Teacher Login (My Survey)** : MY PROFILEમાં વિગત પૂર્ણ ભરી BACK જઈ **MY SURVER**માં ક્લિક કરતા **START NEW SURVEY** ક્લિક કરો. **ADD STUDENT** પર ક્લિક કરી નવા બાળકની એન્ટ્રી કરતા ત્રણ ટપકા દેખાશે જો તે ગ્રીન હશે તો **VIEW SURVER** દેખાડશે અથવા **START SURVER** દેખાડશે. જો **START SURVER** માં **EDIT** કરી વર્ગખંડના તમામ બાળકોની એન્ટ્રી કરી. ચેક્લીસ્ટ પ્રમાણે લાગુ પડતા વિધાન સામે ખરાની નિશાની કરી સેવ સબમિટ આપવાનું રહેશે. સેવ સબમિટ કર્યા બાદ સુધારો કરી શકાશે નહિ.





5. **Special Educator Login (Survey List)** : બાળકોની એન્ટ્રી થઇ ગયા બાદ **Special Educator** ના **Login**માં શાળા **Verified** દેખાડશે. અથવા **Need Verification** એવું મેનુ શો થશે. **Need Verification** શાળાના આચાર્યશ્રી દ્વારા કરાવવું જરૂરી છે ત્યારબાદ બાળકોની માહિતી પ્રાપ્ત કરી શકાશે.

5. **<u>Others Screen</u>:** આ સ્ક્રીન ઉપર અલગ મેનુ જોવા મળે છે જેમાં પાર્ટ-૧ માં (૧) SURVEY LIST, (૨) PROFILE (3) UPDATES (૪) PRASHAST E-BOOK (5) ABOUT PRASHAST (૬) FAQS આપેલા જોવા મળે છે. અને પાર્ટ -૨ માં (૧) START SCREENING PART-2 (૨) PROFILE (3) UPDATES (૪) PRASHAST E-BOOK (5) ABOUT PRASHAST (૬) FAQS તથા **HOW to use PRASHAST as per your role?** માં તેને લગતા વિડીયો જોવા મળેશે.



# Google Lence


Google Lence એ એક પ્રકારનું સર્ચ ટૂલ છે જે Google એપ્લિકેશન (Android અને iOS)માં ઉપલબ્ધ છે. Google લેન્સ વડે, તમે તમારા કૅમેરા વડે તમે જે જુઓ છો તે શોધી શકો છો, ચિત્ર અથવા સ્ક્રીનશૉટ લઈ શકો છો અથવા બ્રાઉઝ કરતી વખતે તમે જુઓ છો તે છબીને એનાલીસીસ કરી શકો છો. અંગ્રેજીમાં કહેવત છે કે – "A PICTURE IS WORTH A THOUSAND WORDS." જે Google લેન્સ સાર્થક કરે છે. દર મહિને આપણે લેન્સ પર 12 અબજથી વધુ ડેટા સર્ચ કરીએ છીએ.

ગૂગલની ડેવલપર કોન્ફરન્સ I/O 2017 માં, સીઈઓ સુંદર પિચાઈએ Google Lence નામની નવી ટેક્નોલોજીની જાહેરાત કરી. જે દ્રશ્ય વિશ્લેષણનો ઉપયોગ કરીને સંબંધિત માહિતી લાવવા માટે ડિઝાઇન કરવામાં આવી છે. Google લેન્સ ઑબ્જેક્ટને ઓળખવાનો અને સંબંધિત શોધ પરિણામો અને માહિતી બતાવવાનો પ્રયાસ કરશે.

Google Lens નો icon આ પ્રકારે છે.





Screen on laptops / desktops




Screen on mobile

### Google Lens એપ્લીકેશનનો ઉપયોગ:-




1. તમે તમારા દિવસ દરમિયાન જે વસ્તુઓ જુઓ છો તે વિશે જાણો.

   જો તમને કોઈ શાનદાર બિલ્ડિંગ અથવા સીમાચિહ્ન દેખાય છે જેને તમે ઓળખતા નથી, તો લેન્સ તમને કહી શકે છે કે તમે શું જોઈ રહ્યાં છો અને વધુ જાણવા માટે લિંક્સ પ્રદાન કરી શકે છે. એ જ રીતે રસ્તા પર હોય કે તમારા પોતાના બેકયાર્ડમાં છોડની શોધ કરી શકે છે.


કોઈ પણ Image પરના લખાણને copy કરવા માટે તેમજ તે સમગ્ર લખાણને paste કરવા Google Lens ઉપયોગી છે.




2. કોઈ પણ Image પરના લખાણને અન્ય 100 ભાષામાં અનુવાદ કરવા, તે માહિતી સાંભળવા માટે, તેમજ તે સમગ્ર લખાણને share કરવા Google Lens ઉપયોગી છે.




1. આપણને મુંઝવતા પ્રશ્ન કે કોયડાનો ઉકેલ કરવા Google Lens પર homework પર સર્ચ કરતા આપણા પ્રશ્નનો ઉત્તર મળી રહે છે.
2. તેમજ તે માટે સંદર્ભ સાહિત્ય ક્યાંથી ઉપલબ્ધ છે તે પણ જાણવા મળશે.





3. Google Lens પર કોઈ પણ image ને લગતી similar માહિતી મેળવવા કે તે અંતર્ગત વધુ માહિતી મેળવવા પણ Google Lens નો ઉપયોગ થાય છે.



4. Google Lens પર કોઈ પણ QR CODE કે BAR CODE સ્કેન કરી શકાય તેમજ  લીંક સર્ચ કરવા અને માહિતી ભરવા ઉપયોગી છે.




5. Google Lens દ્વારા skin ની condition સર્ચ કરી શકાય છે તે અંતર્ગત કારણ અને ઉપાય સર્ચ કરી શકાય છે.




6. કોઈ પણ પ્રોડક્ટ  જો આપને ગમતી હોય તો પણ તે ક્યાંથી પ્રાપ્ત થશે તે માહિતી Google Lens પરથી પ્રાપ્ત થશે.

# QR CODE GENERATE

જ્યારથી ઓનલાઈન પેમેન્ટ (Online Payment)ની પ્રક્રિયા શરૂ થઈ છે ત્યારથી સામાન્ય લોકોમાં QR કોડ (QR code) શબ્દ સંભળાવા લાગ્યો છે. જ્યારે પણ આપણે કોઈ ખરીદી કરીએ છીએ અથવા પૈસા ટ્રાન્સફર કરીએ છીએ, ત્યારે QR કોડનો ઉપયોગ કરીને ચુકવણી કરવી સરળ છે. QR કોડ ઘણા પેકેટ્સ અને વેબસાઇટ્સ (Website) પર પણ જોવા મળે છે. પરંતુ શું તમે જાણો છો કે આ QR કોડ શા માટે બનાવવામાં આવે છે? અથવા તેનો અર્થ શું છે? આજે આપણે આ વિષય પર વાત કરીશું કે QR કોડ શું છે અને તે રોજિંદા જીવનમાં કેવી રીતે મદદરૂપ સાબિત થાય છે?

## QR કોડ શું છે?

QR કોડનું પૂર્ણ સ્વરૂપ ક્વિક રિસ્પોન્સ કોડ (Quick Response Code) છે. તેના નામ પરથી એક માહિતી એ છે કે QR કોડ ખૂબ જ ઝડપથી કામ કરે છે. QR કોડ ચોરસ બોક્સમાં એક પેટર્ન છે, જેમાં URL અને મોબાઇલ નંબર છુપાયેલ છે. આ એક પેટર્નના રૂપમાં છે, જેથી તેમાં કયો નંબર કે વેબ એડ્રેસ છુપાયેલું છે તે જોઈને સમજી શકાતું નથી.આજે દુનિયાભરની કંપનીઓ તેનો ઉપયોગ કરી રહી છે. અહીં આપણે શિક્ષણમાં QR કોડનો ઉપયોગ કઇ રીતે કરી શકીયે તે વિશે જાણીએ.


વિદ્યાર્થીઓને આપણે કયારેક શિક્ષણ ઉપયોગી મટિરીયલ  અભ્યાસ માટે આપવું હોય અથવા કોઇ વિડિયો વિશે માહીતી આપવી હોય ત્યારે આવા QR કોડની મદદથી સરળતાથી આપી શકાય છે. અમુક વિડિયો કે મટીરીયલ હાર્ડકોપીમાં  સમાવી શકાતુ નથી ત્યારે આવા QR કોડ ખૂબ ઉપયોગી નીવડે છે.

## QR કોડ બનાવવાની રીત


- ગુગલમાં  QR CODE GENERATE લખી SEARCH  કરો.

- આ પછી એક પછી વેબસાઇટ ખુલશે જ્યાં ઘણા બધા વિકલ્પો હશે જેમ કે- URL, Image, VCard, Email, અને બીજા ઘણા બધા.

- QR કોડ બનાવવા GoQR.me નામની વેબસાઇટ પર ક્લિક કરવાનું રહેશે. ત્યાર બાદ નીચે દર્શાવ્યા મુજબ પેજ ખુલશે તેમાં જે નિદર્શિત કરેલછે તેના પર ક્લિક કરતા URL નાખવાનું પેજ દેખાડે .




હવે તેમાં આપણે જો કોઇ વિડિયો નો QR કોડ બનાવવા માંગતા હોય તો YOU TUBE  કે DRIVE  માં વિડિયો હોય તેના પર જઇ ત્યા SHARE પર જતા તે વિડિયોની LINK ખુલશે જેને COPY કરીને અહી આપેલWEB ADDRESS પર PASTE  કરવાની થાય છે.




હવે QR કોડ કોઈપણ વિલંબ વિના તૈયાર થઈ જશે.

- તમે QR કોડ ડાઉનલોડ કરી શકો છો અને પછીથી તેનો ઉપયોગ કરી શકો છો.




-વિડિયો સિવાયના બીજા પણ જે શૈક્ષણિક મટિરીયલ હોય છે તે માટે પણ આવી જ રીતે QR કોડ તૈયાર કરી શકાય જેના માટે આપણે જે તે મટિરીયલ ડ્રાઇવમાં અપલોડ કરી સાચવીને રાખવાની હોય છે અને જ્યારે QR કોડ બનાવીએ ત્યારે ત્યા આપેલ લીંક્ને COPY કરી પહેલાની જેમ PASTE કરતા તેનો પણ QR કોડ સરળતાથી બની  જતો હોય છે.

આમ વિદ્યાર્થીઓના મહાવરા કે મૂલ્યાંકન સમયે આપણે આવા QR કોડ નો ઉપયોગ કરીને નાના ફોર્મેટમાં વિસ્તૃત માહિતી બાળકો સુધી પહોચાડી શકીએ છીએ. અહીં આપવામાં આવેલ QR કોડની માહિતીની સમજ માટેનો વિડીયો પણ તમે અહી આપેલ QR કોડ સ્કેન કરતા જોઇ શકશો અને અભ્યાસ કરી શકશો.

# Adobe scan

Adobe એ સૈન હોજે કેલિફોર્નિયામાં સ્થાયી એક અમેરિકન કંપની છે. જે વિવિધ સોફ્ટવેર બનાવે છે. જેમાં Adobe Photoshop, Adobe Express, Adobe Firefly, Adobe Acrobat Reader, Adobe scan, ખૂબ ઉપયોગી સોફ્ટવેર છે.





## Adobe scan નો ઉપયોગ:

Adobe Scan મોબાઇલ એપ્લિકેશન એ પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફોર્મેટ (PDF) ફાઈલો જોવા, સ્કેન કરવા, બનાવવા, પ્રિન્ટ કરવા, ફાઈલનું ફોર્મેટ ચેન્જ કરવા, ફાઈલ ટ્રાન્સફર કરવા, ઘણીબધી ફાઈલો એક સાથે સાચવવા, મર્જ કરવા, ID બનાવવા, Cleanup કરવા, સ્કેલીંગ કે તેના માપ બદલવા, ડિજીટલ રાઈટીંગ કરવા, ખૂબ ઉપયોગી બને છે. આ એપ્લિકેશનનો ઉપાયોગ વિનામૂલ્યે કરી શકાય છે.

**1. Adobe scan app Login:** PlayStore માં જઈને Adobe scan લખો. અને તેને ઇન્સ્ટોલ કરો.




2. App ઇન્સ્ટોલ થઇ ગયા બાદ કોઈપણ ત્રણ ઓપ્શનમાંથી કોઈ એક સાથે Sign In કરતા તમારું Gmail Id દેખાશે અને chek your email નું પેજ open થશે તેમાં એક વેરીફીકેશન કોડ જનરેટ કરવાનો રહેશે જે તમારા emailમાં આવેલ હશે. વેરિફાઈ થયા બાદ Account Connected પેજ open થશે જેમાં done કરી ALLOW કરતા કેમેરા open થશે.







## Adobe scan MENU:

1. WHITE BOARD 2. BOOK 3. DOCUMENT 4. ID CARD
5. BUSINESS CARD 6. QR કોડ મેનુ જોવા મળશે

1. WHITE BOARDનો ઉપયોગ ડોક્યુમેન્ટ બ્લેક અને વ્હાઇટ કરવા માટે ઉપયોગી છે.

2. BOOKનો ઉપયોગ ડોક્યુમેન્ટને બુક FORMET માં કન્વર્ઝન કરવા માટે છે


3. DOCUMENTનો ઉપયોગ ડોક્યુમેન્ટને AUTO-DETECT કરી CROP કરે છે.

4.ID CARDનો ઉપયોગ ડોક્યુમેન્ટને ID CARD સાઈઝનું બનાવે છે સાથે ફ્રન્ટ કોપી અને બેક કોપી મર્જ કરે છે


5. BUSINESS CARDનો ઉપયોગ ડોક્યુમેન્ટમાં રહેલ માહિતી કે તેમાં રહેલી લીંક, EMAIL ADD બતાવવાનું છે.

6. QR કોડ મેનુ દ્વારા સ્કેન કરી બારકોડમાં રહેલી માહિતી પ્રાપ્ત કરી શકાય છે


**OTHER FEATURES:**




# GCERT DIGITAL DESK





આ રિસોર્સના ઉપયોગ માટે [https://njtrust.org/njctdesk/gcert.html](https://njtrust.org/njctdesk/gcert.html) વેબસાઈટને બ્રાઉઝરમાં OPEN કરવાની રહેશે. ત્યારબાદ જો અગાઉથી એકાઉન્ટ બનાવેલું હોઈ તો Log in કરવાનું રહેશે, અન્યથા Sign Up કરી Log in થવાનું રહેશે.





Log In થયાં બાદ આ મુજબનું પેજ ઓપન થશે. જેમાં ગુજરાતી માધ્યમમાં જવાથી ધોરણ 1 થી 12 સુધીના આઇકોન દેખાશે. બાળકો જે ધોરણનો અભ્યાસ કરવા માંગતા હોઈ તે ધોરણ તથા વિષય ઉપર ક્લિક કરી આગળનો અભ્યાસ કરી શકશે. જેમાં વિવિધ એકમના વિડિયો, STUDY MATERIALS, MOCK TEST QUESTION PAPER, NOTE AND REPORTS નો સમાવેશ કરવામાં આવેલ છે.




ધારો કે આપ ધોરણ 8 પસંદ કરો છો તો તેમાં આપને વિવિધ વિષયો જોવા મળશે. જેમાંથી આપ જે વિષયનો અભ્યાસ કરવા માંગતા હોય તે વિષય પસંદ કરવાનો રહેશે.




અહીંયા અંગ્રેજી વિષય પસંદ કર્યો છે. તેમાં જોઈ શકીએ છીએ કે વિષયને અનુરૂપ વિવિધ વિડિયો ,વિષયને અનુરૂપ સાહિત્ય, પ્રગતિ ચેક કરવા માટે મોક ટેસ્ટ, પ્રશ્ન પેપર, અગત્યની નોંધ તેમ જ પોતાનો વ્યક્તિગત રિપોર્ટ પણ જાણી શકાય છે.

## Open Resources For Education

OPEN RESOURCES એટલે મુક્ત શૈક્ષણિક સ્ત્રોતો. જેના દ્વારા શિક્ષકો, બાળકો તથા વાલીગણ મુક્ત રીતે શિક્ષણ મેળવી શકે તથા તેનો અભ્યાસ કરી શકે.

### GROWER

### Gujarat Repository of Open and Wider Educational Resources

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા રાજ્યકક્ષાએ શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે .જી.સી.ઈ.આર.ટી.એ શૈક્ષણિક ક્ષેત્રે સંશોધન, તાલીમ અને અભ્યાસક્રમ સંદર્ભે કાર્યરત છે .પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના શિક્ષકો તેમજ બાળકોને તેમના અધ્યયન- અધ્યાપનુંકાર્ય દરમિયાન મદદરૂપ થાય તેવું સંદર્ભ સાહિત્ય, મોડ્યુલ્સ તેમજ મલ્ટી મિડિયા મટીરીયલ તૈયાર કરી તેઓ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ સંદર્ભે આધુનિક તકનિકનો ઉપયોગ કરી આ અધ્યયન સાહિત્ય શિક્ષકો તેમજ બાળકો સુધી સરળતાથી પહોંચાડવાના પ્રયાસરૂપે ગુજરાત રેપોઝીટરી ઓફ ઓપન એન્ડ વાઇડર એજ્યુકેશનલ રિસોર્સીસ (GROWER)ની શરૂઆત કરવામાં આવેલ છે.




.

રાષ્ટ્રીયકક્ષાએ National Repository of Open Educational Resources (NROER) શરૂ કરવામાં આવેલ છે. આ રાષ્ટ્રીય પહેલના અનુસંધાને, ગુજરાત રાજયમાં જી.સી.ઇ.આર.ટી. દ્વારા પોતાના પ્લેટફોર્મનો ઉપયોગ કરી રાજયકક્ષાએ પોતાનું Open Educational Resource (OER) Platform તૈયાર કરવામાં આવ્યું.

GROWER એ એક ઓપન એજયુકેશનલ રિસોર્સ છે એટલે કે આ એક એવું પ્લેટફોર્મ છે જેના થકી શિક્ષણક્ષેત્રના તમામ ઉપયોગકર્તાને તેના કાર્ય સંદર્ભે ઉપયોગી વિવિધ પ્રકારના રિસોર્સીસ પ્રાપ્ત કરાવવામાં આવે છે. આ પ્લેટફોર્મથી શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, પ્રશિક્ષકો, વાલીઓ તેમજ શિક્ષણમાં પૂર્વસેવાકાલીન તાલીમાર્થીઓ તમામને ઉપયોગમાં આવી શકે તેવા વિવિધતા સભર વિષયોને આવરી લેતું સાહિત્ય અપલોડ કરવામાં આવે છે. આ સાહિત્ય જી.સી.ઇ.આર.ટી. દ્વારા વિવિધ વિષયના તજજ્ઞો, એસ.આર.જી સભ્યો, અધ્યાપકો તેમજ શિક્ષકોની મદદ લઈ વિકસાવવામાં આવેલ છે, પ્લેટફોર્મ પર અપલોડ કરતા પહેલા વિષય નિષ્ણાતો દ્વારા માહિતીની સમીક્ષા પણ કરવામાં

આવે છે. આ સાહિત્ય ઈ -મટીરીયલના વિવિધ પ્રકારના સ્વરૂપે રજૂ કરવામાં આવે છે, જેમ કે ટેસ્ટ, ઓડિયો, વિડિયો, મલ્ટીમિડીયા વગેરેનો સમાવેશ થાય છે.

GROWERનો ઉપયોગ કરવા માટે તેની લીંક કે વેબ એડ્રેસનો ઉપયોગ કરવો પડશે. આ માટે જી.સી.ઇ.આર.ટી.ની વેબસાઇટ gcert.gujarat.gov.in પર જઇને તેના હોમ પેઇજ પર આપવામાં આવેલ Resource Bank (GROWER) કે તેના આઇકોન પર ક્લિક કરવાથી GROWER ઓપન થશે.

Resource Bank (GROWER) પર ક્લિક કરવાથી તેમાં સમાવિષ્ટ રિસોર્સના વિવિધ પ્રકાર દર્શાવવામાં આવેલ છે. જેમાં Photo Gallery, Documents, Audio, Video, Other, Shikshak – Prashikshan તેમજ GCERT DIKSHA નો સમાવેશ કરવામાં આવેલ છે.

GROWER માટે તૈયાર કરવામાં આવેલ મટીરીયલને તેના સ્વરૂપ અને ઉપયોગિતાને ધ્યાનમાં રાખી ઉપરોક્ત વિભાગોમાં મૂકવામાં આવે છે. ઉપયોગકર્તા તેની જરૂરિયાત અનુસાર સાહિત્ય સામગ્રી મેળવવા માટે ઉપરોક્ત વિભાગો/પ્રકારોને આધારે સામગ્રી શોધી શકે છે.

GROWER પર અપલોડ કરવામાં આવેલ માહિતીને કોઈપણ સમયે જોઈ શકાય છે. સામગ્રીનો સંગ્રહ કરવા માટે તેને ડાઉનલોડ પણ કરી શકાય છે .આ તમામ સામગ્રી નિઃશુલ્ક ધોરણે મેળવી શકાય છે. આ માહિતી મેળવવા માટે ઇન્ટરનેટની જરૂરિયાત રહે છે જેના મારફત જી.સી.ઇ.આર.ટી.ની વેબસાઇટ પરથી GROWER માંથી માહિતી મેળવી શકાય છે.

GROWER માળખામાં નીચે મુજબના વિભાગોમાં વિવિધ સામગ્રીનો સમાવેશ કરેલ છે.

(1) **Photo Gallery**: આ વિભાગમાં જી.સી.ઇ.આર.ટી. દ્વારા કરવામાં આવતા રાજય તેમજ જિલ્લા કક્ષાના કાર્યક્રમો, તાત્રીમો, કાર્યશિબિરો કે પ્રવૃત્તિઓને રજૂ કરતા ફોટોગ્રાફ્સ અપલોડ કરવામાં આવે છે. આ ફોટોગ્રાફ્સના માધ્યમથી ઉપયોગકર્તા જે તે પ્રવૃત્તિને ફોટોગ્રાફ્સની મદદથી જાણી શકે છે. જરૂર જણાય તો આ ફોટોગ્રાફ્સ પૈકી કોઇપણ ફોટો ડાઉનલોડ કરી શકાય છે .હાલમાં, જી.સી.ઇ.આર.ટી દ્વારા આયોજિત વિજ્ઞાન-ગણિત પ્રદર્શન, કલા ઉત્સવ, ઇનોવેશન એક્ઝિબિશન, દૂરવર્તી શિક્ષણ જેવી પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ્સ મૂકવામાં આવેલ છે.

(2) **Documents**: GROWER માં લખાણ સ્વરૂપે આપવામાં આવેલ સામગ્રી Documents પર ક્લિક કરવાથી પ્રાપ્ત થાય છે. હાલમાં આ વિભાગમાં 25 થી પણ વધારે વિષયો પર સંગૃહિત માહિતીને રજૂ કરવામાં આવેલ છે.

અહીં, માહિતીને વિવિધ રીતે રજૂ કરવામાં આવેલી જેમાં, મુખ્ય શિક્ષક તાલીમ, ડી.એલ.એડ કોર્સ મોડ્યુલ્સ સ્વરૂપે આપવામાં આવેલ છે. Learning Outcomes Bookplates, NCF-2005, RTE-2009, National Advisory Committee Report જેવા દસ્તાવેજો આપવામાં આવેલ છે. બાળકોને ઉપયોગી એવા ધોરણ 1 થી 12 ના પાઠ્યપુસ્તકો, સ્વ-અધ્યયનપોથી, હું બનું વિશ્વ માનવી-સામાન્ય જ્ઞાનવર્ધક પુસ્તક વગેરે પ્રાપ્ત કરાવવામાં આવેલ છે. આ ઉપરાંત, શિક્ષકો માટે શિક્ષક આવૃત્તિઓ, સંશોધનો, પ્રશ્નપત્રો, પોસ્ટર્સ વગેરે અપલોડ કરવામાં આવેલ છે. વાલીઓને ઉપયોગી પાઠ્યપુસ્તકો, શિક્ષક આવૃત્તિઓ, સામાન્યજ્ઞાન પુસ્તક જેવા સાહિત્ય પ્રાપ્ત કરી શકાય છે. ડી.એલ.એડના તાલીમાર્થીઓને ઉપયોગી અભ્યાસક્રમ આધારિત ડિજિટલ મોડ્યુલ્સ પણ અપલોડ કરવામાં આવેલ છે. અહીં પ્રાપ્ત તમામ સાહિત્યને ઉપયોગકર્તા દ્વારા ડાઉનલોડ કરી પુનઃ ઉપયોગમાં લેવા માટે તેનો સંગ્રહ પણ કરી શકાય છે.

(3) **Audio:** આ વિભાગમાં ધોરણ 1 થી 8 ના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ વિવિધ ભાષાઓમાં આવતી કવિતાઓ, ગીતોને ઓડિયો સ્વરૂપે રજૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત તેમાં અન્ય શૈક્ષણિક બાળગીતો, રેડિયો કાર્યક્રમો, પ્રાર્થના તેમજ જૂના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કવિતાઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. અહીં આપેલા ઓડિયોને સાંભળી શકાય છે તેમજ જરૂરિયાત હોય તો ડાઉનલોડ પણ કરી શકાય છે.

(4) **Video:** આ વિભાગમાં વિડિયો સ્વરૂપે પ્રાપ્ત સામગ્રીનો સંગ્રહ કરવામાં આવેલ છે. શિક્ષકો, વાલીઓ તેમજ બાળકો માટે ઉપયોગી એવા વિવિધ વિષયમાં આવેલ વિષયાંગોની સમજ આપતા વિડીઓ પ્રાપ્ત થઇ શકે છે. આ સાથે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સંદર્ભે પ્રો.રવિન્દ્ર દવેનું વક્તવ્ય, ગાંધીજી પર શ્રી નારાયણ દેસાઇ તેમજ અન્ય મહાનુભાવોના વક્તવ્યો આપવામાં આવેલ છે. આ ઉપરાંત ત્રણ ભાષામાં સમાવેશી શિક્ષણના વિડીઓ, માઇક્રોટીચિંગ તેમજ યોગ શિક્ષણ સંદર્ભેના વિડિયો પણ અપલોડ કરવામાં આવેલ છે. આ તમામ વિડિયોને ડાઉનલોડ કરી ઉપયોગમાં લઇ શકાય છે.

(5) **Others**: આ વિભાગમાં શિક્ષણમાં ઉપયોગી થઇ શકે તેવી રાષ્ટ્રીય તેમજ રાજય સ્તરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની વેબસાઈટની લીંક મૂકવામાં આવેલ છે. આ લીંકની મદદથી ઝડપથી જે તે સંસ્થાની વેબસાઇટની મુલાકાત લઇ શકાય છે, જેમ કે એમ.એચ.આર.ડી, એન.સી.ઈ.આર. ટી., એન.સી.ટી.ઇ. વગેરે

(6) **Shikshan – Prashikshan:** આ વિભાગ મુખ્યત્વે શિક્ષણમાં ડિપ્લોમા કે ડિગ્રી મેળવવા, D.El.Ed., B.Ed., NIOS ના કોર્સિસમાં જોડાયેલ તાલીમાર્થીઓ માટે ઉપયોગી સાહિત્ય, મોડ્યુલ્સ, તજજ્ઞોના વિડિયો લેક્ચર્સ તેમજ સંદર્ભ સાહિત્ય મૂકવામાં આવેલ છે.

(7) **GCERT DIKSHA**: રાષ્ટ્રીય કક્ષાએ શરૂ કરવામાં આવેલ શિક્ષકોનું પ્લેટફોર્મ એટલે DIKSHA પોર્ટલ,આ પોર્ટલ પર જી.સી.ઇ.આર.ટી.દ્વારા અપલોડ કરવામાં આવેલ વિવિધ પ્રકારના સાહિત્યને મેળવવા માટેની જોડતી લીંક આપવામાં આવેલ છે. આ અંગેની વિગતે ચર્ચા DIKSHA પોર્ટલ અંતર્ગત કરવામાં આવેલ છે.

## GROWERમાં ઉપલબ્ધ શૈક્ષણિક સામગ્રી

GROWER માં ધોરણ 1 થી 8ના સાક્ષરી વિષયો માટેની તથા શિક્ષકોપયોગી શૈક્ષણિક સામગ્રી મુકવામાં આવેલી છે, હાલમાં વિવિધ તાલીમોના મોડ્યુલ્સ, ઓડિયો ફોર્મેટમાં શાળા ગીતો, પ્રાર્થના અને કાવ્યો, ભાષા, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને ગણિતના વિડિયો, શિક્ષક- પ્રશિક્ષણ શૈક્ષણિક સામગ્રી મૂકવામાં આવી છે. ભવિષ્યમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના તમામ વિષયો માટેની શૈક્ષણિક સામગ્રી ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ બને તેવા પ્રયત્નો સતત ચાલી રહ્યા છે.

આમ, **GROWER**માં શિક્ષણક્ષેત્રે જોડાયેલ તમામ માટે ઉપયોગી થઈ શકે તેવું સાહિત્ય તથા સામગ્રી પ્રાપ્ત થઈ શકે છે**.** એક શિક્ષક પોતાના વિષયમાં ઉપયોગી અધ્યયન**-**અધ્યાપન સામગ્રી પ્રાપ્ત કરી પોતાના વર્ગખંડને પ્રવૃત્તિમય બનાવી શકે છે જયારે એક વાલી આ જ સ્રોતમાંથી બાળકને સ્વ**-**અધ્યયનમાં મદદ કરી તેની મુશ્કેલીઓને દૂર કરી શકે છે**.** તાલીમાર્થી પોતાના પાઠ આયોજન માટે જરૂરી સામગ્રી તેમજ શિક્ષણક્ષેત્રની અપડેટેડ માહિતી મેળવી શકે છે**.**

| | | | |
|---|---|---|---|
| https://shorturl.at/bgtx4l | http://surl.li/mdzei | https://shorturl.at/bEJYZ | https://shorturl.at/eACJX |
| HAJARI PATRAK | GOOGLE LENS | G – SHALA | Adobe Scanner |
| | | | |
| https://phet.colorado.edu | https://shorturl.at/ekxCT | https://shorturl.at/pqFVZ | https://shorturl.at/nyUV8 |
| PhET | Read Along | DIKSHA | GROWER |
| | | | |
| https://shorturl.at/dktHR | http://surl.li/ofnow | https://goqr.me/ | https://shorturl.at/ahxL2 |
| Google Form | PRASHAST | QR Code Generator | GCERT DIGITAL DISK |

F1N6B9

જ્ઞાનકુંજ ૩.૦ કોર્ષ માટે QR CODE Scan કરો
અથવા અહી CLICK કરો

https://shorturl.at/cvzU2

DIET Surendranagar
You Tube Channel Subscribe
માટે QR CODE Scan કરો અથવા અહી CLICK કરો

https://shorturl.at/lryX5